સરકારી કુમાર છાત્રાલય(વિ.જા.), જોળ, જિ.આણંદના મકાનમાં નવું વાયરીંગ (Electrification) કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૭/૭૮૩/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-03/૧૧/૨૦૧૮

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૨૦/૦૫/૨૦૧૭ નો પત્ર ક્રમાંકઃ વિજાક/૨૦૧૭/સછા/લાઇટ/૫૬૦

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૬/૦૮/૧૭નો સરખા ક્રમાંકનો પત્ર

(3) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૨૪/૧૦/૨૦૧૭ નો પત્ર ક્રમાંક: વિજાક/સછા/લાઇટ/૨૦૧૭-૧૮/૨૦૭૫

આ મુ ખ :

નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતાએ વંચાણે લીધેલા ક્રમાંક:-(૧) સામેના તા.૨૦/૦૫/૨૦૧૮ના પત્રથી સરકારી કુમાર છાત્રાલય(વિ.જા.), જોળ, જિ. આણંદના મકાનમાં નવું વાયરીંગ (Electrification) કરવા માટે રૂ.૨૫,૯૯,૯૮૦/-નો ખર્ચ કરવાની મંજુરી આપવા તથા ઉક્ત રકમ કાર્યપાલક ઇજનેરશ્રી, વિદ્યુત (મા.મ.) વિભાગ-૨, અમદાવાદને હવાલે મૂકવાની મંજુરી આપવા દરખાસ્ત કરેલ હતી. વંચાણે લીધેલા ક્રમાંક: (૨) સામેના વિભાગના તા.૧૬/૦૮/૧૭ના પત્રથી સદરહુ દરખાસ્તમાં સામેલ કરેલ વોટર કુલર અને વોટર પ્યોરીફાયર જેવી નવી બાબતો સંદર્ભે આગામી નાણાકીય વર્ષે જરૂરી જસ્ટીફિકેશન સાથે નવી સેવાની દરખાસ્ત તરીકે રજૂ કરવા તથા હાલની દરખાસ્ત અન્વયે જરૂરી ચકાસણી કરી બદલવાની આવશ્યકતા હોય તેવી જુની સિસ્ટમ બાબતે અંદાજો સાથે દરખાસ્ત કરવા જણાવેલ હતું. ત્યારબાદ વંચાણે લીધેલા ક્રમાંક:-(3) સામેનાં નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતાના તા.૨૪/૧૦/૨૦૧૭નાં પત્રથી સદરહુ દરખાસ્ત સંદર્ભે નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, નડીયાદ વિદ્યુત મા.મ.પે.વિ.ના છાત્રાલયના મકાનના નવા વીજળીકરણના આપવામાં આવેલ રૂ.૨૫,૯૯,૯૮૦/-ના અંદાજોમાં ક્રમ-૫૩ અને ૫૪ સામેલ કરેલ વોટર કુલર અને વોટર પ્યોરીફાયરની રૂ.૪,૪૫,૪૧૦/-ની કુલ રકમની આગામી વર્ષે નવી સેવાની દરખાસ્ત તરીકે રજુ કરવા તથા તે સિવાયની વીજળીકરણ માટેની રકમ રૂ.૨૧,૫૪,૫૭૦/-ના ખર્ચની વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠ રા વ :

પુખ્ત વિચારણાને અંતે સરકારી કુમાર છાત્રાલય(વિ.જા.), જોળ, જિ. આણંદના મકાનમાં નવું વાયરીંગ(Electrification) કરવા માટે થનાર અંદાજિત ખર્ચ રૂ.૨૧,૫૪,૫૭૦/-(અંકે રૂપિયા એકવીસ લાખ ચોપ્પન હજાર પાંચસો સિત્તેર પુરા)ની નીચે દર્શાવેલ શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં થયેલ બજેટ જોગવાઇ અને તેની સામે નાણાં વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ હેતુ માટે નિયત પ્રક્રિયા અનુસરીને ખર્ચ કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં.૮૪, મુખ્ય સદર: ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર: ૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર:૨૭૭ શિક્ષણ, પેટા સદર:૪૨ મકાનો, વિગતવાર સદર:૦૦, હેતુ સદર:૫૩૦૦ મોટા કામ, ૧૧ જુદા જુદા (મા. અને મ.) પ્રભાગ રાજ્યમાં અન્ય પછાત વર્ગો માટેના સરકારી મકાનોની પુન: સજાવટ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનું રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૯/૧૦/૨૦૧૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઇ. એમ. ઘાંચી )
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, બ્લોક નં.૪/૩. ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ના.કા.ઇ.શ્રી, નડીયાદ વિદ્યુત (માxમ) પેટા વિભાગ, બ્લોક-ડી, રૂમ નં.૧૦૫, સરદાર પટેલ ભવન, નડીયાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.અને અધિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.ક), આણંદ (નિયામકશ્રી (વિ.જા.ક) મારફત)
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, આણંદ
- સેકશન અધિકારીશ્રી, (બજેટ), સા.ન્યા.અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, (કો.સેલ શાખા), સા.ન્યા.અને અ.વિ, સચિવાલય, ગાંધીનગર વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.
- સિલેકટ ફાઇલ-૨૦૧૮